અપીલ અરજી નં.૧૪૬ તા.૨૯–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમૃતભાઈ મગનભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમૃતભાઈ મગનભાઈ પટેલની તા.૨૩–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વડોદ ગામનો સમાવેશ સુરત મહાનગર પાલિકામાં કઈ તારીખથી થયેલ છે. . મુદ્દા નં. (૨) વડોદ ગ્રામ પંચાયત તરફથી કયા કયા રેકર્ડ સુરત મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યા છે. વિ. મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૬/૨૦૧૧–૧૨

શ્રી અમૃતભાઈ મગનભાઈ પટેલની તા.૨૩–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વડોદ ગામનો સમાવેશ સુરત મહાનગર પાલિકામાં કઈ તારીખથી થયેલ છે. મુદ્દા નં. (૨) વડોદ ગ્રામ પંચાયત તરફથી કયા કયા રેકર્ડ સુરત મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યા છે. વિ. મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન ધ્વારા અધૂરી અને મોઘમ માહિતી આપવામાં આવેલ છે. એવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વડોદ પંચાયતના મળેલ રેકર્ડની માત્ર ચાર્જ યાદી જેમાં ૧૯૬૦ થી રેકર્ડ મળ્યાનો ઉલ્લેખ છે તેની નકલ સમર્થનમાં મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૪ તા.૬–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મૂળ અરજીની નકલથી માંગેલ માહિતી ,ફીની વિગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતીની નકલ રજૂ કરવા તથા વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર મુજબ ૧૯૬૦ થી રેકર્ડ મળેલ છે. તે ધ્યાને લીધા બાદ મુદ્દા નં.૪ અને ૫ અંગે અપીલ બાબતે આપની કક્ષાએ કોઈ આધાર હોય તો સમર્થનમાં રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૭–૦૬ ની કચેરી હુકમની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ સાથે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૩૧ તા.૨૭–૬–૧૧ ના પત્રથી આપેલ માહિતીની નકલ , મુળ અરજીની નકલ, તા.૧૭–૨–૦૬ તથા તા.૨૦–૭–૦૬ ના જાહેરનામાની નકલ, તા.૨૧–૭–૦૬ નો હુકમની નકલ રજૂ કરેલ છે. પરંતુ પૂરક વિગતોમાં અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ વડોદગામના સમાવેશ રેકર્ડ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૩૧ તા.૨૭–૬–૧૧ ના પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં. ૪ અને ૫ ની માહિતીનો રેકર્ડ આપેલ નથી તેવું જણાવી તા.૨૯–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) વડોદ ગામનો સમાવેશ સુરત મહાનગર પાલિકામાં કઈ તારીખથી થયેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૦–૭–૦૬ ના જાહેરનામામાં ક્રમાંક કેવી/૨૧૨/૨૦૦૬ એસ.એમ.એન./૯૦૨૦૦૬ /૪૧૦ /પી અન્વયે સુરત મહાનગપાલિકા શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ છે. તે મુજબ તા.૨૧–૭–૦૬ ના રોજ નવા સમાવિષ્ટ વિસ્તાર તમામ પ્રકારના રેકર્ડ સાધન સામગ્રી અને ડેડસ્ટોક વિગેરે ઉધનાઝોન ખાતે જમા લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) વડોદ ગ્રામ પંચાયત તરફથી કયા કયા રેકર્ડ સુરત મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યા છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જન્મ મરણ અંગેની નોંધનો રેકર્ડ સુરત મહાનગપાલિકાને તા.૫–૫–૦૭ ના રોજ મળેલ છે. તેવું જણાવેલ છે. (૩) જન્મ મરણ અંગેની નોંધનું રેકર્ડ વડોદ ગ્રામ પંચાયત તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ છે? અને કયા વર્ષથી મળેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વડોદ ગ્રામ પંચાયત તરફથી સને ૧૯૬૦ પછીનો જન્મ મરણ રેકર્ડ અત્રે મળેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) તા.૨૩–૮–૧૯૪૮ ના રોજ મરણ પામેલ મર્હુમ બાલુભાઈ નાનાભાઈ પટેલ રહે. ગામ વડોદ તા.સીટી સુરતના મરણ અંગેની નોંધ થયેલ છે કે કેમ? જો નોંધ થયેલ હોય તો કંઈ તારીખે શું નોંધ કરવામાં આવેલ છે તે નોંધ અંગેનું પ્રમાણપત્ર. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વડોદ ગ્રામ પંચાયતનો રેકર્ડ ૧૯૬૦ થી મળેલ છે. આમ સને ૧૯૪૮ નો રેકર્ડ વડોદ ખાતેથી અત્રે મળેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ઉપરોકત નોંધોની ઝેરોક્ષની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત નોંધોની ઝેરોક્ષની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અધૂરી અને મોઘમ માહિતી આપેલ છે તેમજ અરજદારે મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી અરજદારને તમામ મુદ્દાની માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જેમાં અરજદારે મુદ્દા નં.૪ અને ૫ માં તા.૨૩–૮–૧૯૪૮ ના મર્હુમ બાલુભાઈ નાનાભાઈ પટેલના મરણની નોંધ પ્રમાણપત્ર અને ઝેરોક્ષ નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને વડોદ ગ્રામ પંચાયતનો જન્મ મરણનો રેકર્ડ ૧૯૬૦ થી મળેલ હોય ૧૯ ૪૮ ના મરણની નોંધ કે પ્રમાણપત્રનું દફતર વડોદ ખાતેથી મળેલ ન હોવાનું સ્પષ્ટ થાય છે આથી માહિતી અધૂરી કે મોઘમ હોવાનું પ્રતિપાદિત થતું નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદાર જાહેર માહિતી અધિકારીનો આફિસ કામકાજનો આગોતરો સમય મેળવી આપેલ માહિતીની ખરાઈ કરી શકે.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર વડોદ ગ્રામ પંચાયત પાસેથી મેળવેલ રેકર્ડના જન્મ મરણના દફતરી નોંધના રેકર્ડની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરીને અરજદારે તપાસણી મેળવી મળેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની એવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અમૃતભાઈ મગનભાઈ પટેલ,